દાખલ તારીખ:– ૧૮/૦૨/૨૦૨૬
રજીસ્ટરે નોંધ્યા તા. ૧૮/૦૨/૨૦૨૬
ફેંસલ કર્યા તા: ૦૬/૦૩/૨૦૨૬
સમયગાળો: વર્ષ માસ દિવસ
– ૦૦ ૧૬

**સુરેન્દ્રનગરના મે.છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ.સુરેન્દ્રનગર.**

| |
|---|
| **ફોજદારી અપીલ નં.૬૬/૨૦૨૬** |
| **આંક– ૧૦** |

**એપેલન્ટ** : **ઉપેન્દ્રભાઇ ગુણવંતભાઇ આચાર્ય**
**(મુળ આરોપી)** ઉ.વ.આ.૫૩, ધંધો: વેપાર
રહે.૪૦૧, સીટી પેસ એપાર્ટમેન્ટ,જુનાગઢ
સુરેન્દ્રનગર.

**વિરુધ્ધ**

**રીસ્પોન્ડન્ટ** :(૧) **ચિરાગભાઇ બાબુભાઇ પદમાણી**
ઉ.વ.આ.૪૬, ધંધો: વેપાર
રહે.૪૭, સમર્પણ રેસીડેન્સી, માળોદ ચોકડી
પાસે, રતનપર,તા.વઢવાણ,જી.સુરેન્દ્રનગર
(૨) **શ્રી સરકાર**

==================================================

**વિષય::– બી.એન.એસ.એસ. કલમ–૪૧૫ મુજબ ફો.કે.નં.૩૮૫૩/૨૦૨૪ ના કામે કરેલ સજા તથા દંડના હુકમ સામે અપીલ.**

==================================================

| | |
|---|---|
| એપેલન્ટ/આરોપી તરફે વિ.વ.શ્રી | એ.સી.રાણીંગા |
| સામાવાળા નં.૧ તરફે વિ.વ.શ્રી | પી.સી.શાહ |
| સામાવાળા નં.૨ શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી | એમ.પી.સભાણી |

==================================================

**–:: ઠ રા વ ::–**

**(૧)** આ કામમાં સરળતા ખાતર પક્ષકારોને મુળ કેસમાં જે રીતે ફરીયાદી કે આરોપી હતા તે રીતે ઉલ્લેખવામાં આવેલ છે.

(૨) **ફરીયાદ પક્ષની હકીકત:–** ફરીયાદ પક્ષની ફરીયાદમાં જણાવેલ હકીકત મુજબ, આ કામના આરોપીએ ફરીયાદી પાસેથી ફરીયાદમાં જણાવ્યા મુજબની વિગતે નાણાકીય વ્યવહાર કરેલ હતો જે સંદર્ભે ફરીયાદીની કાયદેસરની લેણી રકમ પેટે આરોપીએ ફરીયાદીને ફરીયાદ વાળો તકરારી ચેક સંપૂર્ણ વિગત ભરીને સહી કરીને આપેલ હતો અને સદરહુ ચેક આપતી વખતે આ કામના આરોપીએ સદરહુ ચેક ખાતામાં ભરતા કલીયર થઈ જશે અને લેણી રકમ મળી જશે તેવો ફરીયાદીને વિશ્વાસ અને ભરોસો આપેલ હતો. જેથી સદર તકરારી ચેક ફરીયાદીએ પોતાની બેન્કમાં રજુ કરતા, સદર ચેક વણચૂકવાયેલ પરત ફરેલ છે. જેથી ફરીયાદીએ આરોપીને કાયદેસરની લેણી રકમ ચુકવવા માંગણા નોટીસ આપેલ તેમછતાં કાયદા મુજબ નિર્ધારીત સમય મર્યાદામાં આરોપીએ ફરીયાદીને ચેક મુજબની રકમ ચુકવેલ નથી જેથી ફરીયાદીએ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૩૮ હેઠળ ફરીયાદ કરેલ છે.

(૩) **ટ્રાયલ કોર્ટે હાથ ધરેલી પ્રક્રિયા::–**

રેકર્ડ જોતા, ટ્રાયલ કોર્ટે આરોપી સામે ક્રિમી. પ્રોસી.કોડની કલમ–૨૦૪ હેઠળ ઉપર ચર્ચા મુજબના ગુનાઓનું કોગ્નીઝન્સ લઈ, આંક–૧ તળે ફરીયાદ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધી, આરોપી વિરુધ્ધ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલ જે બજી જતા, આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ હેઠળ જરુરી દસ્તાવેજોની નકલો પુરી પાડયાનું જણાય આવે છે અને આરોપીની પ્લી લીધા બાદ આરોપીએ ગુનો કબુલ ન

કરતા, આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી હાથ ધરેલી છે અને રેકર્ડ જોતા નીચે મુજબના પુરાવા નીચેની અદાલતે રેકર્ડ કરેલા છે.

**ફરીયાદ પક્ષ તરફે રજુ પુરાવા:–**
**(૩.૧) મૌખિક પુરાવો:–**

૧. આંક–૦૪ ફરીયાદીનુ સરતપાસનું સોગંદનામું.

**(૩.૨) દસ્તાવેજી પુરાવો:–**

| | | |
|---|---|---|
| ૧. | ૧૦ | આરોપીએ આપેલ તકરારીચેક |
| ૨. | ૧૧ | રીટર્ન મેમો |
| ૩. | ૧૨ | ડીમાન્ડ નોટીસ |
| ૪. | ૧૩ | નોટીસ કર્યાની પોસ્ટની પાવતી |
| ૫. | ૧૪ | ટ્રેકીંગ કન્સાઈન્મેન્ટ રીપોર્ટ |
| ૬. | ૧૫ | એકનોલેજમેન્ટ |
| ૭ | ૧૬ | પુરસીસ |

(૩.૪) રેકર્ડ જોતા, ત્યારબાદ ઉકત વિગતે ફરીયાદ પક્ષે રજુ પુરાવાઓના અંતે ફરીયાદ પક્ષે ફરીયાદીની ઉલટતપાસ કરવાનો હકક બંધ કરેલ છે તેમજ આરોપી હાજર રહેતા ન હોય આરોપીના વિશેષ નિવેદનનો હક બંધ કરવામાં આવેલ છે બાદ ફરીયાદ પક્ષના વિ.વ.શ્રીની દલીલો સાંભળ્યા બાદ ટ્રાયલ અદાલતે નીચે મુજબનો હુકમ કરેલ છે.

## –:: આ ખ રી હુ ક મ ::–

(૧) આરોપી જોષી ઉપેન્દ્રભાઈ ગુણવંતભાઈ આચાર્ય, ઉ.વ.આ.પર, ધંધો: વેપાર, રહે.ઠે C/O કીરણબેન ઉપેન્દ્રભાઈ આચાર્ય, ૪૦૧/ સીટી પેલેસ એપાર્ટમેન્ટ, અંબિકા ચોક, જુનાગઢવાળાને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના સજાને પાત્ર ગુન્હામા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) હેઠળ તકસીરવાન

ઠરાવવામા આવે છે અને આરોપીને ૦૧(એક) વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) વધુમા,આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭(૩) મુજબ રુા.૨,૫૦,૦૦૦/– (અંકે રુપીયા બે લાખ પચાસ હજાર પુરા) વળતર પેટે ફરીયાદીને ક્રિમીનલ મેન્યુઅલ પેરા–૨૦૯ મુજબ બે માસમા ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) જો આરોપી ઉપર મુજબની વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો આરોપીએ વધુ ૦૩(ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. આ કામના આરોપી ધ્વારા અગાઉ કોઈ બેઈલ બોન્ડ રજુ કરવામાં આવેલ હોય તો તે આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના આરોપીએ સદરહુ કેસના કામે જો અગાઉ કોઈ સજા ભોગવેલ હોય તો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ ભોગવેલ સજા મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૩(૧) મુજબ આરોપીને હુકમની નકલ હાજર થયેથી વિના મુલ્યે આપવી.

(૬) તકસીરવાન સામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૧૮(૨) મુજબ કલમ–૭૦ મુજબનું પકડ વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે તથા આરોપી કોર્ટ રુબરુ હાજર થયેથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૧૮(૧) મુજબ જરુરી જેલ વોરંટ ભરી તકસીરવાનને જેલમાં મોકલવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) વોરંટની બજવણી માટે જરુરી યાદી સાથે કલમ–૭૦ મુજબનું વોરંટ સંલગ્ન પોલીસ સ્ટેશનને મોકલી તકસીરવાનને કોર્ટ સમક્ષ હાજર રખાવવા જરુરી યાદી કરવા હુકમ કરવામાં આવે છે.

આજરોજ હુકમ તારીખ :૧૭ માહે :ઓકટોબર, સને : ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : –સુરેન્દ્રનગર એડી.જયુડી.મેજી.ફ.ક.
તારીખ:– ૧૭ /૧૦ /૨૦૨૫ સુરેન્દ્રનગર.

ઉપરોકત હુકમથી નારાજ થઈ આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ– ૩૭૪ હેઠળ અપીલ અદાલત રુબરુ અપીલ કરેલ છે.

**(૪) અપીલની હકીકત:–**

અપીલ મેમામાં એપેલન્ટ/આરોપી તરફે અપીલ મેમામાં જે કારણો દર્શાવેલ છે તે રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય તેનુ પુનરાવર્તન અત્રે કરવામાં આવેલ નથી પરંતુ તે સવિસ્તૃત ધ્યાને અને વંચાણે લેવામાં આવેલ છે, જેમાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે,આ કેસ એકસપાર્ટી ચાલી ગયેલ હોય આરોપીને પોતાનો કોઈ બચાવ રજુ કરવાની કોઈ તક મળેલ નથી તેમ જણાવી અપીલ મંજુર કરવા અરજ કરેલ છે.

**(૫) એપેલન્ટ / આરોપી તરફે દલીલ ::–**

**(૫.૧)** આરોપી તરફે તેમના વિ.વકિલશ્રીએ મોટાભાગની હકીકત જે અપીલ મેમાંમાં જણાવેલ છે તેનું પુરાવર્તન કરેલ છે અને જેમાં મુખ્યત્વે એવી દલીલ કરેલી છે કે, નીચેની અદાલતે આરોપીને બચાવની તક નહી આપી એકતરફી ચુકાદો આપેલ છે જે ભુલભરેલો છે. જેથી આરોપીને ફરીયાદીની ઉલટતપાસ કરવાની તક મળે અને આરોપી તેમનો સક્ષમ બચાવ કરી શકે તે માટે કેસ દો તરફી ચાલે તે માટે, નીચેની નામદાર કોર્ટનો હુકમ રદ કરી, કેસ રીમાન્ડ બેક કરવા વિનંતી કરેલ છે.

**(૬) ફરીયાદ પક્ષે વિ.વ.શ્રીની દલીલો:–**

(૬.૧) વિ. ફરિયાદપક્ષેએ દલીલ કરેલી છે કે, ટ્રાયલ અદાલતે ખુબજ અભ્યાસપુર્વક પુરાવાનું મુલ્યાંકન કરી ચુકાદો આપેલ છે અને આરોપી કે ફરીયાદ પક્ષને અન્યાય ન થાય તે રીતે ચુકાદો આપેલ છે અને ટ્રાયલ અદાલતે યોગ્ય રીતે પુરાવાનું મુલ્યાંકન કરેલ છે. તેથી તે ચુકાદામાં કોઈ હસ્તક્ષેપને અવકાશ નથી તેથી અપીલ નામંજુર કરવા માટે દલીલ કરેલ છે. તેમજ સદર કામે સરકારશ્રી જે ફોર્મલ પાર્ટી છે.

(૭) **પોઈન્ટસ ફોર ડીટરમીનેશન::–**

આ કામનું રેકર્ડ, જજમેન્ટ, અપીલ મેમો, આરોપીઓના વિ.વ.શ્રી ની દલીલો, વિ.એ.પી.પી.શ્રીની દલીલો લક્ષમાં લેતા, આ અપીલના નિર્ણય માટે ક્રિ.પ્રો.કોડની કલમ–૩૮૭ સાથે ૩૫૪ (૧)(બી) વંચાણે લેતા નીચે મુજબના પોઈન્ટસ ઉપસ્થિત થાય છે.

**૧.** શું નીચેની અદાલતનું જજમેન્ટ ગેરકાયદેસર, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત વિરુધ્ધનું અને કાયદા તેમજ હકીકતથી ભુલ ભરેલ છે અને તેમાં હસ્તક્ષેપ કરવો જરુરી છે ?

**૨.** શું ટ્રાયલ અદાલતે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનું યોગ્ય રીતે તહોમત સંદર્ભે મુલ્યાંકન કરેલ નથી ?

**૩.** શું હુકમ ?

(૮) **મુદદાના જવાબ:–**

૮.૧. '' હકારમાં ''

૮.૨. '' હકારમાં ''

૮.૩. આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

**(૯) મુદદા નં.૧ તથા ૨ ::-**

**A Beyond reasonable doubt એટલે શું ?**

**A.1** ઉપર ચર્ચા કરી તે મુજબ ફરીયાદ પક્ષે તેમનો કેસ વ્યાજબી શકથી પર સાબીત કરવાનો હોય છે અને કોઈપણ ભુલ ભરેલી સજા સમાજ તથા આરોપી માટે ખુબ જ ગંભીર બાબત છે. જેથી સજા કરતી વખતે અદાલતે ધ્યાનમાં રાખવાનું હોય છે કે, એક ડાહયો માણસ અદાલત સમક્ષ પડેલી બાબતો વિચારતા એવા નિર્ણય પર પહોચે કે, આરોપી વ્યાજબી શકથી પર ગુન્હેગાર છે. Reasonable doubt વિધ્વાન કાયદાવીદ વ્હોરટને નીચે મુજબની વ્યાખ્યા આપી છે કે:-

" Reasonable doubt is that which makes you hesitate as to the correctness of the conclusion whcih you rich "

જયારે અદાલતને તેની રૂબરૂ જે પુરાવો પડેલ હોય તે શુધ્ધ અંતર આત્માથી વિચારતા એવું લાગે કે, આરોપીની ગુનેગારી બાબતે શંકા છે તો તે રીઝનેબલ ડાઉટ છે.

**A.2 આજ રીતે લોર્ડ ડેનીંગે તેની વ્યાખ્યા આપતા જણાવ્યું છે કે :-**

That degree is not well settled. It need not reach certainty but must carry a high degree of probability. Proof beyond reasonable doubt does not mean proof beyond the shadow of doubt. The law would fail to protect the community if it admitted fanciful possibilities to deflect the course of justice. If the evidence is strong against a man as to leave only a remote possibility in his favour that can be

dismissed with the sentence. "of course it is possible, but not in the lest probable, the case is proved beyond reasonable doubt, but nothing short of that will suffice."

વધુમાં નામ. સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ બેંગાલ –વિરુધ્ધ–ઓનીલાલ જયસ્વાલના ૧૯૯૪ (૧) જી. એલ. એચ. પાના નં. ૫૩૭ ઉપરના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે કે**, 1994 (1) G. L. H. 537 SUPREME COURT K. JAYACHANDRA REDDY AND G.N.RAY,JJ**. State of West Bengal Versus Orilal Jaiswal and Another Respondents Reasonable doubt is simply that degree of doubt which would permit a reasonable and just man to come to a conclusion. Reasonableness of the doubt must be commensurate with the nature of the offence to be investigated."

(૧૦) ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો પરીપુર્ણ થવા માટે મહત્વની અને અગત્યની બાબત એવી છે કે, કાયદેસરનું દેવુ કે જવાબદારી અંશત: કે પુરેપુરી ચુકવવા માટે ચેક આપવામા આવેલ હોય અને તેવી બાબતના અનુસંધાનનો હોઈ તથા આ બાબત પુરવાર થવી આવશ્યક અને અનિવાર્ય હોઈ તે બાબત પુરવાર કરવાનો બોજો ફરીયાદ પક્ષના શીરે રહેલ છે અને તે રીતે આરોપી સામે આક્ષેપિત ગુનો ફરીયાદ પક્ષે સાબીત કરવા માટે સૌ પ્રથમ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના આવશ્યક તત્વો સાબીત કરવાના રહે છે.

– આરોપીએ પોતાના ધ્વારા ચલાવવામા આવતા ખાતાનો ચેક ફરીયાદીને આપેલ.

- આરોપીએ ફરીયાદીને આવો ચેક સમગ્ર અથવા અંશત: દેવા અથવા જવાબદારી અદા કરવા આપેલો.
- ચેક જે તારીખે લખેલ હતો તે તારીખે મુદત મર્યાદામા રજુ કરવામાં આવેલ હતો.
- ચેક આરોપીના ખાતામાંથી નાણા ભરપાઈ કર્યા વગર પરત થયેલો.
- ચેક પરત થયાની માહીતી મળ્યા બાદ ફરીયાદીએ સમય મર્યાદામા નાણાની લેખીત માંગણી કરી હતી.
- આરોપીને નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણા સમય મર્યાદામા ચુકવી આપેલા નથી.

➢ ***Appreciation of Evidence of Complainant:***

**(૧૧)** ફરીયાદ પક્ષે ફરીયાદીનુ આંક–૪ થી સરતપાસનું સોગંદનામુ રજુ થયેલ છે. જેમાં ફરીયાદ હકીકતને સંપૂર્ણપણે દોહરાવેલ છે. જે હકીકતો રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય તે હકીકતોનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી. સબબ કામે સાહેદની ઉલટ તપાસ થયેલ નથી.

**(૧૨)** આ તબકકે વિધ્વાન ટ્રાયલ કોર્ટના ચુકાદો કરેલ અવલોકન પેરા (૪) જોતા જે નીચે મુજબ છે.

**૧૨.૧)** ફરીયાદીના આંક–૪ ના સોગંદનામાની ઉલટતપાસ પર કેસ રાખેલ પરંતુ આરોપી તરફે ફરીયાદીની ઉલટતપાસ લેવાયેલ નથી. ત્યારબાદ ફરીયાદ પક્ષે રજુ પુરાવાના અંતે આંક–૭ થી ઉલટતપાસનો હકક બંધ કરવા માટે અરજ કરેલ છે. જે અનુસંધાને ફરીયાદીની ઉલટતપાસ કરવાનો આરોપી પક્ષનો હકક બંધ કરવામાં આવેલ છે. આરોપી તરફે આજદીન સુધી સદર હકક ખોલાવવા માટે કોઈ અરજી

પણ કરવામાં આવેલ નથી કે સદર હુકમને આજદીન સુધી એપેલેટ કોર્ટમાં પડકારેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

**૧૨.૨)** ત્યારબાદ ક્રી.પ્રો.કો.કલમ–૩૧૩ અન્વયે આરોપીના વિશેષ નિવેદનના તબકકે પણ આરોપીની સતત ગેરહાજરીના કારણે ફરીયાદ પક્ષ ધ્વારા આંક–૮ થી એફ.એસ.નો હકક બંધ કરવા માટે અરજી આપવામા આવેલ જે લગત હુકમ કરી વિશેષ નિવેદનનો હકક બંધ કરવાનો હુકમ કરેલ છે.

**૧૨.૩)** અહી ફરીયાદપક્ષે વિ.વ.શ્રીનાઓ એ રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લઈ આરોપીને સખ્ત નશ્યત કરવા તેમજ ચેકની રકમ વળતર પેટે અપાવવા વિનંતી કરેલ છે જયારે આરોપી પક્ષે દલીલ માટે કોઈ હાજર ન હોઈ, આરોપીની દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

**(૧૩.)** આ તબકકે અપેકસ કોર્ટના માર્ગદર્શક સિધ્ધાંત લગતના ચુકાદા જોતાં....

(A) In the case of **Ayaaubkhan Noorkhan Pathan Versus State Of Maharashtra 2013 (4) SCC 465** held that,...

*"The aforesaid discussion makes it evident that, not only should the opportunity of cross-examination be made available, but it should be one of effective cross-examination, so as to meet the requirement of the principles of natural justice. In the absence of such an opportunity, it cannot be held that the matter has been decided in accordance with law, as cross-examination is an integral part and parcel of the principles of natural justice. (para-30)"*

(B) In the case of In **Rajiv Arora V/s. Union of India & Ors., AIR 2009 SC 1100** held that,..

*"Effective cross-examination could have been done as regards the correctness or otherwise of the report, if the contents of them were proved. The principles analogous to the provisions of the Indian Evidence Act as also the principles of natural justice demand that the maker of the report should be examined, save and except in cases where the facts are admitted or the witnesses are not available for cross-examination or similar situation. The High Court in its impugned judgment proceeded to consider the issue on a technical plea, namely, no prejudice has been caused to the appellant by such non-examination.* ***If the basic principles of law have not been complied with or there has been a gross violation of the principles of natural justice, the High Court should have exercised its jurisdiction of judicial review."***

(c) In the case of New India Assurance Company Ltd. V/s. Nusli Neville Wadia & Anr., AIR 2008 SC 876 held that, "This Court considered a case under the Public Premises (Eviction of Unauthorised Occupants) Act, 1971 and held as follows :-

*"If some facts are to be proved by the landlord, indisputably the occupant should get an opportunity to cross- examine. The witness who intends to prove the said fact has the right to cross-examine the witness. This may not be provided by under the statute, but it being a part of the principle of natural justice should be held to be indefeasible right." (Emphasis added)*

*In view of the above, we are of the considered opinion that the right of cross-examination is an integral part of the principles of natural justice."*

(૧૪) આમ, ઉપરોકત સદર આરોપીની વિરુધ્ધ ટ્રાયલ, જેમાં આરોપીની ગેરહાજરીમાં ફરીયાદીની ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે. આમ, આ તબકકે આરોપીને તેની વિરુધ્ધ ચાલતી ટ્રાયલમાં તેને ફરીયાદીની ઉલટતપાસ કરવાનો/ બચાવ કરવા સારું ન્યાયિક તક મળેલ નથી. તેમજ તેને પોતાના બચાવ કરવા માટે તક મળેલ નથી જે બાબતે તેવું રેકર્ડ ઉપર ફલિત થાય છે. વધુમાં આ કામે કોઈપણ વ્યકિતને તેની વિરુધ્ધ ચાલતી કાર્યવાહી દરમ્યાન તેને તેના તરફે બચાવ કરવા તેમજ તેનો કેસ રજુ કરવા માટે વ્યાજબી તક મળવી જોઈએ.જે એક કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ આવશ્યક છે. તેમજ તે અંગે તેનો કાયદેસરનો લીગલી હકક છે.

(૧૫) આમ, ઉપરોકત ફરીયાદ પક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું ગુણાત્મક મુલ્યાંકન કરતા ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધ ગુનાના આવશ્યક તત્વો નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. આમ, વિ.ટ્રાયલ કોર્ટ ધ્વારા ઉપરોકત કેસમાં પુરાવાકીય મુલ્યાંકન કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત વિરુધ્ધનું અને કાયદા તેમજ હકીકતથી ભુલભરેલું અવલોકન કરેલ છે. જેથી ઉપરોકત ટ્રાયલ કોર્ટના ચુકાદામાં હસ્તક્ષેપ કરવો ન્યાયોચિત જણાઈ આવે છે. આમ, ઉપરોકત કેસની હકીકત, સંજોગો, કાયદાકીય જોગવાઈઓ અને નામદાર એપેકસ કોર્ટે ચુકદામાં ઠરાવેલ માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાનમાં લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આરોપીની હાલની અપીલ નીચેની શરતે મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામે આરોપી વિરુધ્ધનો ટ્રાયલ કોર્ટના વિધ્વાન સુરેન્દ્નનગરના એડીશ્નલ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસનાઓએ ફોજદારી કેસ નં.૩૮૫૩/૨૦૨૪ ના કામે તા.૧૭–૧૦–૨૦૨૫ નારોજ તકસીરવાન ઠરાવતા હુકમને રદ કરી, આરોપી વિરુધ્ધ ટ્રાયલ ફરીથી ચલાવવા સારુ રીમાન્ડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) વધુમાં આ કામે આરોપીએ ફરીયાદીને રૂા.૧૫,૦૦૦/– કોસ્ટ પેટે અલગથી ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) વધુમાં ફરીયાદપક્ષે તથા આરોપીપક્ષે જો ઈચ્છે તો વધુ પુરાવો રજુ કરવાની ટ્રાયલ દરમ્યાન તક આપવી. તેમજ આ કામે આરોપીએ ટ્રાયલ કોર્ટમાં **તા.૧૨/૦૩/૨૦૨૬** નારોજ બિનચુક હાજર રહી કેસની કાર્યવાહી ચલાવવા સારુ સહકાર આપવો.

(૫) સદર આરોપીની વિરુધ્ધની ટ્રાયલ સદર હુકમની નકલ મળ્યેથી એક વર્ષમાં પુર્ણ કરવી.

(૬) આ કામે આરોપીએ ટ્રાયલ કોર્ટના ચેકના ૨૦ % રકમ જો રકમ ભરેલ હોય તો તે સદર ટ્રાયલના આખરી નિર્ણયના અનુસંધાને અમલવારી કરવાની રહેશે.

(૭) સદર હુકમની એક નકલ તથા ટ્રાયલ અદાલતનું રેકર્ડ તાત્કાલિક મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ: ૦૬ માહે: માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

સુરેન્દ્રનગર.<br>તા.૦૬/૦૩/૨૦૨૬

જીજ્ઞેશ વિષ્ણુભાઈ પટેલ<br>છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ<br>સુરેન્દ્રનગર.(કોડનં.જીજે૦૦૯૬૦)